પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૫ | ૧૫ જુલાઈ, ૨૦૧૭, શનિવાર ; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજ્યભરમાં ભારે વરસાદ

## ટંકારામાં બાર કલાકમાં ૧૧ ઈંચ : ડાંગ અને સાબરકાંઠામાં અતિભારે વરસાદથી પુર : કપરાડામાં ૮ ઈંચ : ડાંગની અંબિકા, સાબરકાંઠાની સેઇ અને પનારી નદીઓમાં પણ પૂરની સ્થિતિ : ડાંગમાં છ ઈંચ : જળબંબાકાર

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ,ગાંધીનગર સહિત રાજયભરમાં મેઘરાજાએ બીજા રાઉન્ડમાં પણ ધમાકેદાર એન્ટ્રી કરી કયાંય ઝરમર, કયાંક હળવા તો કયાંક ભારેથી અતિભારે વરસાદથી પ્રજાજનોને તરબોળ કરી દીધા હતા. તો, ધરતી માતાને ઠારી નદી-નાળા, તળાવો અને ડેમ છલકાવી દીધા છે. હવામાનખાતાની આગાહી પ્રમાણે, આજે રાજયભરમાં સાર્વત્રિક સારો એવો વરસાદ નોંધાયો હતો. જો કે, દક્ષિણ ગુજરાતના ડાંગ અને વલસાડના કપરાડામાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. વલસાડના કપરાડામાં આઠ કલાકમાં સવા આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. તો, ડાંગમાં છ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં અંબિકા નદીમાં પૂર આવ્યું હતુ. કુમાલબંધ અને ચીખલદા કોઝવે પર પૂરના પાણી ફરી વળતાં આઠ ગામો સંપર્કવિહોણાં બન્યા હતા. આ જ રીતે, સાબરકાંઠામાં ઉપરવાસના ભારે વરસાદને કારણે સેઈ અને પનારી નદીમાં પૂર આવ્યા હતા. સાબરમતી નદીમાં પણ નવા નીરની આવક વધતાં કાંઠાના ૧૪ ગામોને એલર્ટ કરાયા હતા. આજે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છ-સૌરાષ્ટ્રના પંથકોમાં મેઘરાજા મહેરબાન રહ્યા હતા અને મન મૂકીને વરસ્યા હતા. પહેલા રાઉન્ડમાં મન મૂકીને વરસ્યા બાદ મેઘરાજાએ દસ-પંદર દિવસનો વિરામ લીધા બાદ બીજા રાઉન્ડમાં પણ આજે ધમાકેદાર એન્ટ્રી લીધી



હતી. અમદાવાદ શહેરમાં ગઈ મોડી રાતથી શરૂ થયેલો વરસાદ આજે સવારે ૧૦-૩૦ સુધી ઝરમર ઝરમર અને ધીમી ધારે વરસતો રહ્યો હતો. જેના કારણે વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. તો, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ તેમની વધારે પડતી કહી શકાય એવી મહેરબાની વરસાવી હતી. જેના પરિણામે, ઉત્તર ગુજરાતના મહેસાણા, કડી, પાટણ, સાંતલપુર, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી સહિતના ક્ષેત્રોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. ઉત્તર ગુજરાતના પંથકોમાં મોટાભાગના વિસ્તારોમાં બેથી પાંચ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદ અને ઉપરવાસમાંથી પાણીની આવકના કારણે જિલ્લાની સેઈ અને પનારી નદીઓમાં પૂર આવ્યા હતા. બીજીબાજુ, દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ જળબંબાકારનો માહોલ સર્જયો હતો. ખાસ કરીને વલસાડના કપરાડામાં આઠ કલાકમાં સવા આઠ ઈંચથી વધુ મેહુલિયો ખાબકતાં જનજીવન તહસનહસ થઈ ગયું હતું. ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ અને નદી, નાળા, તળાવો છલકાઈ ગયા હતા. તો, ડાંગમાં પણ ખાબકેલા છ ઈંચ વરસાદે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જી કાઢી હતી. ડાંગના સાપુતારા, આહવા સહિતના વિસ્તારોમાં ત્રણથી પાંચ ઈંચ સુધીનો ભારે વરસાદ નોંધાયો હતો. અંબિકા નદીમાં તો ઘોડાપૂર આવતાં કુમાલબંધ, માલુંગા, સુપરાહડ, ઘોડવહલ સહિતના આઠ ગામો

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### સોનિયાએ નિતિશ-લાલુ સાથે વાત કરી

બિહારમાં સર્જાયેલ રાજકીય મડાગાંઠ સંદર્ભે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ શુક્રવારે મુખ્યમંત્રી નિતિશકુમાર અને લાલુપ્રસાદ યાદવ સાથે વાત કરી મહાગઠબંધન તુટી નહી એવી અપીલ કરી હતી.

### માટુંગા બન્યુ પહેલુ મહિલા રેલવે સ્ટેશન

મુંબઈનુ માટુંગા દેશનુ પ્રથમ મહિલા રેલવે સ્ટેશન બન્યુ છે. જેમાં રેલવેસ્ટેશન મેનેજરથી લઈને ટીકીટચેકરથી લઈને ગાર્ડ સુધીની ફરજો મહિલાઓ બજાવશે.

### દેશના નિકાસમાં વધારો

જુનના અંતે ભારતથી થતી નિકાસમાં વધારોથયોછે. નિકાસમા ૪.૩૯ ટકાના વધારા સાથે તે ૨૩.૫૬ બીલીયન યુએસ ડોલર સુધી પહોંચી છે.

# ઉત્તરપૂર્વના રાજ્યમાં પુરની સ્થિતિ વિકટ : મૃતાંક ૮૫

નવી દિલ્હી,તા. ૧૪

દેશના ઉત્તરપૂર્વીય રાજ્યો અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુરમાં પણ પુરની સ્થિતી સર્જાયેલી છે. આ તમામ રાજ્યોના અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઉત્તરપૂર્વમાં પુર અને ભારે વરસાદ સાથે સંબંધિત બનાવમાં મોતનો આંકડો વધીને ૮૫ ઉપર પહોંચી ગયો છે. આસામ ઉપરાંત જુદા જુદા રાજ્યોમાં પુરની સ્થિતી છે. ઉત્તરપ્રદેશમાં પણ ભારે વરસાદના કારણે કેટલાક વિસ્તારોમાં સ્થિતી સારી નથી. ઉત્તરપૂર્વીય પ્રદેશના વિકાસ માટેના પ્રધાન જિતેન્દ્રસિંહે કહ્યુ છેકે નુકસાન ભારે છે. કુલ ૫૮ જિલ્લાને અસર થઈ છે. સાથે સાથે મોતનો આંકડો ૮૫ ઉપર પહોંચી ગયો છે. પુર અને ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. તામામ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. .ભારે વરસાદના કારણે દેશના આઠ રાજ્યોમાં હાલ હાલત કફોડી બનેલી છે. જે આઠ રાજ્યોમાં હાલત કફોડી બનેલી છે તેમાં આસામ ઉપરાંતઅરૂણાચલ પ્રદેશ, મણિપુર ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. આઠ રાજ્યોમાં પુરના કારણે ૫૦ લાખ લોકોને અસર થઈ છે. ઈટાનગરથી પ્રાપ્ત હેવાલ મુજબ અરૂણાચલ પ્રદેશમાં સ્થિતી વધારે સારી નથી. પુર અને ભેખડો ધસી પડવાના કારણે

● અનુસંધાન પાન-૭ પર

# યુપી વિધાનસભામાં શંકાસ્પદ પાવડર મળતા હોબાળો

## વિસ્ફોટક મામલે એનઆઈએ તપાસ કરે : આતંકવાદી કાવતરુ હોઈ શકે : યોગી આદિત્યનાથ : ખતરનાક પીઈટીએન સમગ્ર ગૃહને ઉડાવી શકે છે : ૪૦૩ ધારાસભ્યોની સુરક્ષા સાથે બાંધછોડ ન કરી શકાયઃ યોગી

લખનૌ, તા. ૧૪

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે કહ્યું હતું કે, રાજ્ય વિધાનસભામાંથી ૧૨મી જુલાઈના દિવસે મળી આવેલો વ્હાઈટ પાવડર ખુબ જ ખતરનાક વિસ્ફોટક છે. આની પાછળ આતંકવાદી કાવતરુ હોઈ શકે છે. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં શંકાસ્પદ પાવડર મળ્યા બાદથી ખળભળાટ મચી ગયો છે. ફોરેન્સિક રિપોર્ટને ટાંકીને યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, આ ખુબ મોટી સુરક્ષા ખામી તરીકે છે. વિધાનસભામાં આટલો ખતરનાક વિસ્ફોટક પહોંચી જાય તે ચિંતાજનક બાબત છે. યોગી આદિત્યનાથે આ મામલામાં નેશનલ ઈન્ટેલીજન્સ એજન્સી મારફતે તપાસની માંગ કરી છે. ફોરેન્સિકમાં જણાવવામાં આવ્યું છે કે વ્હાઈટ પાવડર ખુબ જ ખતરનાક અને પ્લાસ્ટિક વિસ્ફોટક છે. આનુ નામ પીઈટીએન છે. જે ખુબ ખતરનાક છે. આ મામલામાં સંડોવાયેલાઓ સામે કઠોર કાર્યવાહી થવી જોઈએ. ૪૦૩ ધારાસભ્યોની સુરક્ષા સાથે બાંધછોડ કરવાની કોઈને મંજુરી મળી શકે નહીં. એનઆઈએ દ્વારા સમગ્ર મામલામાંની તપાસ કરવી જોઈએ મુખ્યમંત્રીએ આજે રાજ્ય વિધાનસભામાં આ મુજબની માહિતી આપી હતી. તેમણે કહ્યં હતું કે, વિધાનસભાની સુરક્ષા ભંગનો મામલો દેખાઈ રહ્યો છે. હજુ સુધી વધુ ગંભીર મામલો બની ગયો છે. આતંકવાદી કાવતરુ હોઈ શકે છે.



સરકાર વિધાનસભાની બહાર સુરક્ષાને લઈને ચિંતિત હતી પરંતુ હવે વધુ મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે. કારણ કે આ અગાઉ યોગી આદિત્યનાથે ઉચ્ચ

● અનુસંધાન પાન-૭ પર

# ચીન મડાગાંઠ, કાશ્મીર મુદ્દે વિપક્ષ સાથે ચર્ચા વિચારણા

## રાજનાથ, સુષ્મા અને જેટલીએ માહિતી આપી : વિપક્ષો સાથેની બેઠકમાં હાલમાં ઉભી થયેલી પરિસ્થિતિ ઉપર ચર્ચા : બેઠકમાં મુલાયમ, આઝાદ, યેચુરી ઉપસ્થિત

નવીદિલ્હી, તા. ૧૪

કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતિ અને ચીન સાથેની મડાગાંઠ વચ્ચે આજે ટોચના કેન્દ્રીય પ્રધાનો અને અધિકારીઓએ કોંગ્રેસ, ડાબેરીઓ અને સમાજવાદી પાર્ટી સહિત વિરોધ પક્ષના નેતાઓ સાથે વાતચીત કરી હતી. ગૃહમંત્રી રાજનાથસિંહ, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ, સંરક્ષણ મંત્રી અરુણ જેટલી, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલ, ટોચના અધિકારીઓએ માહિતી આપી હતી. સંસદનું સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે ત્યારે આ બેઠક ખુબ મહત્વપૂર્ણ રહી હતી. વિપક્ષી નેતાઓને જમ્મુ કાશ્મીરમાં સરહદ ઉપર અને પાકિસ્તાન સાથેની તંગદિલી તેમજ ચીન મુદ્દે ખેંચતાણની વાત કરી હતી. આ બેઠકમાં જે લોકો ઉપસ્થિત રહ્યા

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની વાયનાડ-હસન
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

આયુર્વેદિક દવાઓ
Himalaya ZANDU VASU Healthcare Pvt. Ltd. पतंजलि Baidyanath NAGARJUNA BAN Since 1966 Dabur SANDU Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

Perfect Looks is Celebrating It's One Year Anniversary !
SPECIAL OFFERS
Free HAIRCUTS* ON 15 JULY
*Provided you have washed your hair in the previous 24 hours
From 15 July to 23 July only
Flat 50% Off on all our services !!
Flat 5% Off all L'Oreal Products !!
Perfect LOOKS Unisex Salon
131, Radhe Square, Near Reliance Cross Road, Kudasan, Gandhinagar, Gujarat. Ph. +91 7878290527

ગુજરાત સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની સંપૂર્ણ પરિણામલક્ષી તૈયારી કરાવતી સુપ્રસિધ્ધ સંસ્થા
નવી જનરલ બેચ
તા. 16-7-2017 રવિવારે સવારે 8.30 થી 10.00
ફ્રી ડેમો લેકચર તા. 16,17,18
ફોનથી રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત
PSI, ASI, પોલીસ કોન્સ્ટેબલ તલાટી, કલાર્ક સચિવાલય બિન સચિવાલય
ગણિત તથા અંગ્રેજી પાયાથી શીખવવામાં આવશે.
માહી એકેડેમી
99091 58901 / 92749 64203
737/2, મહુડી હોલની બાજુમાં, ઘ 1½ , આંધ્ર બેન્કની સામે,સે.2/સી., ગાંધીનગર.